આદિજાતિ વિસ્તારમાં ચેકડેમ સહ
ઉદવહન સિંચાઇ માટેની યોજનાની
વહીવટી મંજુરી આપવા બાબત.
રૂ.૮૦૦.૦૦ લાખ.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ/૨૦૧૬-૧૭/ન.બા.-૩૬/પી
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૨૩ /૦૬ /૨૦૧૬.

**વંચાણે લીધા :-**

૧ કમિશનરશ્રી(આ.વિ.) ની કચેરીનો પત્ર ક્રમાંક: અવક /સિંચાઇ/ન.બા./ફા.નં/૨૦૧૬/૫૭
તા. 30/૦૧/૨૦૧૬.

**આમુખ:-**

રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં ડુંગરાળ જમીન ધરાવતા અનુસૂચિત જનજાતિના ખેડુતો સિંચાઇના અભાવે શિયાળુ પાકો(રવી પાકો) લઇ શકતા નથી. શિયાળુ પાકોનુ વધારે ઉત્પાદન મેળવી આજીવિકા માં આર્થિકરીતે સુધારો થાય તે માટે આદિજાતિ વિસ્તારોમાં ચેકડેમ ઉદવહન સિંચાઇ યોજનાનો વ્યાપ વધારવા માટે વરસાદી પાણી નાળાઓમાં વહી જતુ હોય છે. તે પાણીનો સંગ્રહ કરી ચેકડેમ ઉભા કરી તે પાણીનો ખેતીના પાકો માટે ઉપયોગ કરી વધારાનો એક પાક લઇ શકે અને પશુઓ માટે ઘાસચારો મળી રહે અને આજીવિકામા સુધારો થાય તે હેતુથી ચેકડેમ સહ ઉદવહન સિંચાઇ યોજનાથી અંદાજે ૧૦ હેકટર અને એફ. આર. એ. ના લાભાર્થીઓ માટે લેવાનુ થાય તો ઓછામાં ઓછો ૫ હેક્ટર વિસ્તાર આવરી લઇ આ વિસ્તારના ખેડુતોને આ યોજનનો લાભ મળી રહે તે માટે એક ચેકડેમ સહ ઉદવહન સિંચાઇ યોજના માટેની નવી બાબતનો વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવેલ છે.

**ઠરાવ :-**

આમુખમાં દર્શાવ્યા મુજબની વિગતોને ધ્યાનમાં લઇ આદિજાતિ વિસ્તારમાં ચેકડેમ સહ ઉદવહન સિંચાઇ માટેની યોજના માટે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ યોજનાની વહીવટી મંજૂરી આપવા

રૂ.૮૦૦.૦૦ લાખની યોજનાને ૨૦૧૬-૧૭ વંચાણે લીધા ક્રમાક:(૧)ના પત્રથી કમિશ્નર આદિજાતિ વિકાસ દ્વારા આ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ.

પૂર્ણ વિચારણાને અંતે આ દરખાસ્તને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો** :-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની છે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજનાનું અમલીકરણ મુખ્ય કારોબારી અધિકારીશ્રી ડી સેગ એ જે તે જિલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રીઓના પરામર્શમાં સિંચાઇ વિભાગના ધારાધોરણ મુજબ કરવાનો રહેશે.

(૭) આયોજન બેવડાઇ નહીં તે સંદર્ભે નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરામર્શમાં રહી યોજનાનો અમલ કરવાને રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માગણી ક્રમાંક:૯૬, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગનુ કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨-અનુસૂચિત આદિજાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૭૫-વીકેવાય-આદિજાતિ વિસ્તારોમા ચેકડેમ સહ ઉદવહન સિંચાઇ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૨૨/૦૬/૨૦૧૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી અને તેમના નામે

સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આ.વિ.) બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિસ્તાર પેટા યોજના.
- નાણાંકીય સલાહકારશ્રી (આ.વિ.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી અમદાવાદ, રાજકોટ.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી/છ શાખા, (બજેટ) આ.વિ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઈલ.